ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

વાવોલ ઉવારસદને સમાવતી ટીપી સ્કીમ-૩૫ હવે મનપા તૈયાર કરશે

અડાલજને સમાવતી નગર રચના ૧૧ બી માટે પણ નગર રચના અધિકારીની નિમણુંક કરી દેવામાં આવી

ગાંધીનગર તા ૨૭

ગુડા કક્ષાએથી અગાઉ ટી પી સ્કીમ નં -૩૫ જાહેર કરવામાં આવી હતી. વાવોલ તેમજ ઉવારસદ વિસ્તારને આવરી લેતી આ ટી પી સ્કીમ સંબંધિત જરૂરી પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જો કે હવે સરકારની સુચનાના અંતે ટી પી સ્કીમ નં -૩૫ તૈયાર કરવા માટેની સઘળી કામગીરી અને અધિકારો કોર્પોરેશનને સુપ્રત કરી દેવા નિર્ણય લેવાયો છે. જયારે ટી પી સ્કીમ નં -૧૧ બી ને આખરી કરવા માટે નગર રચના અધિકારીની નિમણુંક કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વાવોલ અને ઉવારસદ વિસ્તારને સમાવતી ટી પી સ્કીમ નં -૩૫ ની જાહેરાત કરવામાં આવી હતી. જયારે આ મામલે જરૂરી પ્રક્રીયા પણ શરૂ કરી દેવામાં આવી હતી. જયારે ટી પી સ્કીમ -૩૫ મામલે સરકારની સુચનાના પગલે સમગ્ર કામગીરી મહાનગરપાલિકને સુપ્રત કરી દેવાનો નિર્ણય લેવાયો છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર સુચિત મસુદ્દારૂપ નગર રચના યોજના નં -૩૫ જેમાં વાવોલ અને ઉવારસદ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેની આગળની જરૂરી પ્રક્રીયા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૨૩ ની પેટા કલમ ૧ ના કલોઝ નંબર બે પ્રમાણે આ ટી પી સ્કીમ તૈયાર કરવા માટે તમામ અધિકારો ગાંધીનગર મહાનગરપાલિકાને આપવાનો નિર્ણય કરાયો છે.

જયારે ગુડા દ્વારા તૈયાર કરાયેલી મુસદ્દારૂપ નગર રચના યોજના નં ૧૧ બી કે જેમાં અડાલજ વિસ્તારનો સમાવેશ કરાયો છે. જેને સરકાર કક્ષાએ ગત વર્ષ ૨૦૧૩ ફેબ્રુઆરીમાં મંજુર કરવામાં આવી હતી. જયારે આ નગર રચનાને

● અનુસંધાન પાન-૭ પર

કિસાનોની વિવિધ માંગણીઓ સંદર્ભે કિસાન મહિલા મોરચાએ સરકાર સામે મોરચો માંડ્યો છે. બલરામ ભવનથી રેલી સ્વરૂપે મહીલા મોરચો નીકળ્યો હતો. ત્યારબાદ સભા યોજાઈ હતી.

સ્વર્ણિમ પાર્કમાં વોટર શો હજુ ટ્રાયલ એન્ડ એરર મોડમાં

સહેલાણીઓમાં નારાજગી : ફાઉન્ટેઇન શો ની સિસ્ટમ અને કેબલમાં ફોલ્ટ સર્જાયો હતો, જો કે હાલ પ્રાયોગિક ધોરણે ફાઉન્ટેઇન શરૂ કરવામા આવે છે પરંતુ એરર આવી જાય છે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના હાર્ટ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કના મ્યુઝિકલ ફાઉન્ટેઈન હજુ પણ બંધ છે. અલબત્ત કોરોના કાળમાં લાંબા સમય સુધી વોટર શો બંધ રહ્યા બાદ ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ આ વોટર બોડીને અનુલક્ષી સિસ્ટમનુ રીપેરીંગ હાથ ધરવામા આવ્યુ હતુ જો કે હજુ સુધી આ કામગીરી પુર્ણ થઇ નથી સિસ્ટમમાં એરર અને કેબલ ફોલ્ટના લીધે આ સમસ્યા સર્જાઈ હતી સ્વર્ણિમ પાર્કનો વોટર શો હજુ ટ્રાયલ એન્ડ એરર મોડમાં છે. આગામી દિવસામાં નિયમિત શો ચાલુ થઈ જશે તેમ પણ સુત્રો જણાંવી રહ્યા છે.

શહેરના હાર્ટસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં છેલ્લા ઘણાં સમયથી વોટર શો બંધ છે. સ્વર્ણિમ પાર્કમાં આવતા સહેલાણીઓમાં ફાઉન્ટેઈન શોનુ વિશેષ આકર્ષણ છે. આ વોટર બોડીમાં હવામાં ઉપર ઉડતા પાણીના રંગબેરંગી ફુવારા નિહાળવા માટે ખાસ બે શો પણ કરવામાં આવે છે. સ્વર્ણિમ પાર્કમાં આકર્ષણનુ કેન્દ્ર બનેલા આ વોટર બોડીને અનુલક્ષી ગત ડિસેમ્બર મહીનામાં રીપેરીંગ હાથ ધરાયુ હતુ. વાઈબ્રન્ટ સમિટના આયોજનને ધ્યાનમાં રાખી ત્વરિત અસરથી વોટર બોડીને નિખારવા માટે પણ તંત્ર કક્ષાએથી આયોજન કરાયુ હતુ. ફાઉન્ટેઈનની સિસ્ટમ અને કેબલ ફોલ્ટના લીધે ટેકનિકલ ખામી સર્જાતા આ વોટર શો લાંબા સમયથી બંધ હાલતમાં છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા આ ઉદ્યાનને પ્રધાનમંત્રીએ સ્વર્ણિમ પાર્ક નામ આપ્યુ છે. જયારે આ વિશાળ ઉદ્યાનમાં પાણીની છોળ ઉડાડતા સંગીતમય ફુવારા મુકવામાં આવ્યા છે. આ વોટર સિસ્ટમના આધારે સાંજ ઢળતા જ રંગબેરંગી લાઈટીંગ અને હળવા સુરીલા સંગીત સાથે વોટર શો પણ યોજવામાં આવે છે. અગાઉ આ વોટર શો ચાલુ હતો ત્યારે રોજ સાંજે ૭ અને ૮ કલાકે બે વોટર શો યોજવામાં આવતા હતા જયારે આ વોટર બોડીના આકર્ષણથી ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહીત બહારના શહેરમાંથી પણ સહેલાણીઓ અહીંની મુલાકાતે આવતા હતા. રંગીન લાઈટીંગ સાથે હવામાં ઉંચા ઉછળતા ફુવારાના લીધે સહેલાણીઓ પણ પાર્કની મુલાકાતે આવવાનુ વિશેષ પસંદ કરતા હતા. જો કે કોરોના કાળમાં પાર્કની સાથે વોટર શો પણ બંધ રહ્યો હતો જયારે છેલ્લા છ મહીનાથી આ વોટર શો ના રીપેરીંગનુ હજુ ઠેકાણુ પડ્યુ નથી ફાઉન્ટેઈનની સિસ્ટમ તેમજ કેબલ ફોલ્ટના લીધે વોટર શો પણ બંધ થઈ ગયો હતો જો કે થોડા સમય અગાઉ હાથ ધરાયેલા રીપેરીંગના અંતે વોટર શો ચાલુ પ્રાયોગિક ધોરણે ચાલુ કરવામાં આવ્યો છે. જો કે હજુ માત્ર રોજ એક વાર ટ્રાયલ કરવામાં આવે છે જેના અંતે સિસ્ટમમાં વારંવાર એરર આવી જતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત સ્વર્ણિમ પાર્કનો વોટર શો હજુ ટ્રાયલ એન્ડ એરર મોડમાં છે. સુત્રોના જણાંવ્યા મુજબ ટુંક સમયમાં વોટર શો યથાવત મોડમાં ચાલુ થઈ જશે.

વડાપ્રધાન ડ્રીમ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ગુજરાતની ધીમી કામગીરીથી નારાજ

અસરકાર મોનીટરીંગ માટે પણ તાકિદ

ગાંધીનગર, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ૧૫ જેટલા પ્રોજેક્ટોની તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવામાં આવી હતી જેમાં ગુજરાતમાં ચાલી રહેલી ધીમી કામગીરીને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

ડ્રીમ પ્રોજેક્ટના અમલીકરણમાં ગતિ આવે એટલુ જ નહિ અસરકારક મોનીટરીંગ તે માટે થાય તેવી કડક તાકીદ પણ કરવામાં આવી હોવાનું બિન સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

આજે દિલ્હીથી અમદાવાદ આવ્યા બાદ વડાપ્રધાન મોદીએ પણ આ બાબતે મુખ્યમંત્રી સમક્ષ નારાજગી વ્યક્ત કરી અને ઝડપી અમલીકરણ માટેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાતમાં આગામી દિવસોમાં યોજાનારા રાટ્રીય રમતોત્સવની તૈયારીઓ અંગે પણ તેમણે સમીક્ષા કરી હોવાની વાતો જાણવા મળી રહી છે. ખાસ કરીને મેટ્રો રેલ પ્રોજેક્ટ, વેસ્ટર્ન રેલ્વે ફ્રેટ કોરીડોર, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવા પ્રોજેક્ટોની સમીક્ષા કરી હતી.

વડાપ્રધાને ગુજરાતમાં વિકાસની ગતિ વેગીલી બને એટલુ જ નહિ આંતરમાળખાકીય સુવિધાઓ વધુ સુદૃઢ થાય તે માટે પણ આજની ચર્ચા દરમ્યાન ભાર મુક્યો હોવાનું જાણવા મળેલ છે. તેમણે રાજયમાં જળ સંચય અભિયાનને લઈ પણ કેટલીક ચર્ચાઓ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજે મતદાર નોંધણી સઘન અભિયાનનો બીજો રવિવાર

ગાંધીનગર, તા. ૨૭

રાજયમાં વિધાનસભાની ચૂંટણીને લઈ ચૂંટણી પંચ દ્વારા સંક્ષિપ્ત મતદાર સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે આ માટેની સઘન ઝુંબેશનો બીજો રવિવાર છે. આ સઘન ઝુંબેશ માટે તંત્રએ વધુ ને વધુ યુવા મતદારોની નોંધણી થાય તે માટેનું આયોજન કર્યું છે.

ગઈકાલે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીએ આ અંગે જિલ્લા તંત્રો સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને ઝુંબેશ તેમજ તૈયારીઓ અંગે ખાસ સમીક્ષા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે આ સઘન ઝુંબેશ માટે ખાસ અધિકારીઓને નિયુક્ત કરી અને તેમને બુથ લેવલ પર જઈ ચકાસણી કરવા તેમજ બુથ લેવલ ઓફિસરોને જરૂરી માર્ગદર્શન આપવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

મતદારયાદીનો ક્રમાંક આધાર સાથે લીંક થાય તે માટે પણ ખાસ ભાર મુકવામાં આવ્યો છે. મતદાર નોંધણીના નિયમોમાં થયેલા ફેરફાર સાથે નવા મતદારોની નોંધણીની કામગીરી થાય તે જોવા માટે પણ આ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

જિલ્લામાં ગયા રવિવારે યોજાયેલ ઝુંબેશ દરમ્યાન ૧૫ હજાર જેટલા મતદારોએ તેમની આધાર લીંક માટેની અરજીઓ તંત્રને આપી હતી. ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથમાં તેમજ ૨૦ થી ૨૯ વર્ષની વયજૂથમાં વધુ ને વધુ મતદારો નોંધાય તે જોવા જણાવવામાં આવ્યું છે.

સેકટરોમાં બાળકોના રમતગમતના સાધનો માટે કમ્પાઉન્ડ વોલ આડશ બની

લાંબા સમયથી બિન ઉપયોગી પડેલા સાધનો અન્ય જગ્યાએ ખસેડવા પ્રબળ માંગ : સેકટરોની કમ્પાઉન્ડ વોલની આડશમાં ફેન્સીંગના દબાણો વધ્યા

ગાંધીનગર તા ૨૭

શહેરના સેકટરોમાં વન આરક્ષિત વિસ્તારમાં ઘણાં ઠેકાણે બાળકો માટે રમતગમતના સાધનો મુકવામાં આવ્યા છે. જેમાં કસરતના સાધનોનો સમાવેશ થાય છે. જયારે સેકટરોમાં ફરતે કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ કરવામાં આવ્યા બાદ ઠેર ઠેર મુકવામાં આવેલા આ સાધનો બિન ઉપયોગી પુરવાર થઈ રહ્યા છે. વરસાદી દિવસોમાં સાધનોમાં કાટ લાગી રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રમતગમતના સાધનોનુ સ્થાન બદલી અન્ય ઠેકાણે મુકવા માટે પણ સેકટરવાસીઓએ પ્રબળ માંગ ઉઠાવી છે.

શહેરના સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ તાંણી બાંધવામાં આવી છે. સેકટરો ફરેત કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ કરાયુ ત્યારે પણ ફેન્સીંગના દબાણો દુર કરાયા નથી જયારે વન આરક્ષિત વિસ્તારને અડીને સ્થિત આ કમ્પાઉન્ડ વોલમા સેકટરમાં પ્રવેશવા માટે અનેક ઠેકાણે ગાબડા પણ જોવા મળી રહ્યા છે. ત્યારે કમ્પાઉન્ડ વોલના નિર્માણ પુર્વે સેકટરોમાં વન આરક્ષિત વિસ્તારમાં કેટલાક ઠેકાણે બાળકો માટે રમત ગમતના સાધનો પણ મુકવામા આવ્યા છે. પરંતુ આ સાધનો દુર કર્યા વિના જ કમ્પાઉન્ડ વોલનુ કામ પુર્ણ કરી દેવાતા આ સાધનો હાલ બાળકોને પણ ઉપયોગી થઈ શકતા નથી સેકટરોના ફરતે નિર્માણ કરાયેલી વોલને અડીને જ આ પ્રકારના સાધનો મુકવામા આવ્યા છે પરંતુ કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ કરી દેવાયા બાદ આ સાધનો સેકટરમાં રહેતા બાળકોને ઉપયોગી થતા નથી જેના લીધે બિન ઉપયોગી હાલતમા પડેલા આ રમતગમતના સાધનો વરસાદી સિઝનમાં પણ કાટ ખાઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે બાળકોના આનંદ પ્રમોદના સાધનોનુ સ્થળ બદલવા માટે ત્વરિત કામગીરી હાથ ધરવા પણ સ્થાનિકોએ પ્રબળ માંગ ઉઠાવી છે. સેકટરોમાં કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ કરતી વેળાએ વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર કરાયા નથી જયારે સેકટરના રહેણાંક વિસ્તારમાં આડેધડ કરી દેવામાં આવેલી ફેન્સીંગ પણ હટાવામાં આવી નથી જેના લીધે કમ્પાઉન્ડ વોલની યોજનાનો કોઈ હેતુ સરતો નથી. સેકટરોમાં કમ્પાઉન્ડ વોલની આડશમાં ફેન્સીંગના દબાણો પાંગરી રહ્યા છે. ત્યારે વન આરક્ષિત વિસ્તારમાં ઠેર ઠેર મુકવામાં આવેલા જીમના તેમજ બાળકો માટેના હીંચકા લપસણી સહીતના સાધનો પણ આમ નાગરિકો માટે ઉપયોગી રહ્યા નથી. સેકટરવાસીઓએ આ મામલે અનેકવાર રજુઆત પણ કરી છે. આમછતા કોઈ પગલા લેવાયા નથી.

કોરોનામાં ઉછાળો : શહેરમાં ૯, ગ્રામ્યમાં ૨૦ કેસ

દહેગામમાં ૩, કલોલ-ગાંધીનગરમાં ૮-૮ કેસ તો માણસામાં ૧ કેસ : સરગાસણમાં ૩ કેસ ઉપરાંત ૧, ૪, ૮, ૧૯, રાંધેજા-રાયસણમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાના કેસોમાં ઉછાળો નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોમાં ભારે ઉછાળો નોંધાયો છે. શહેર-જિલ્લામાં કેસોની સંખ્યામાં થઈ રહેલા ચડાવ-ઉતારને પગલે તંત્રની ચિંતાઓ વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા નવ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ કેસ નવા નોંધાયા છે. આજે રજાનો દિવસ હોવા છતાં ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રમાં દોડધામ વધી જવા પામી હતી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશને પુનઃ એકવાર જનજીવનને વેર વિખેર કર્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં લોકલ ટ્રાન્સમિશનથી ફેલાયેલા કેસોની સંખ્યા વધારે છે. અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જ કેસો મળવા ઉપરાંત અંતરિયાળ ગામોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ ચોથી લ્હેરમાં સારો નોંધાયો છે અને તે ૯૫ ટકાને પાર કરી ગયો છે. હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઓછો છે જે તંત્ર માટે રાહતરૂપ છે. શહેરમાં આજે વધુ ૧૦ દર્દી અને ગ્રામ્યમાં વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૦ કેસ નોંધાયા છે. જેમાં ૧૩ મહિલા દર્દી તેમજ ૯૧ વર્ષીય વૃદ્ધ પણ સંક્રમિત થયાનું જણાવ્યુ છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૩ કેસ, ગાંધીનગરમાં ૮ કેસ, કલોલમાં ૮ કેસ અને માણસામાં ૧ કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકામાં રખિયાલ, કડજોદરા અને સામેત્રી ગામેથી કેસો મળી આવ્યા છે. રખિયાલ ગામેથી ૯૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં ટીંટોડા, સાદરા, ચિલોડા, ઉનાવામાંથી એક-એક કેસ અને રૂપાલ તેમજ મગોડી ગામેથી બે-બે કેસ મળી આવ્યા છે. રૂપાલમાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી ૬ કેસ નોંધાયા છે. શહેરમાં એક જ દિવસમાં ૬ કેસ મળી આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી હતી. આ ઉપરાંત વામજ, ડીંગુચા ગામેથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા ૫૦ની નજીક પહોંચી છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

માણસા તાલુકામાં બાપુપુરા ગામેથી કેસ મળી આવેલ છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના વધુ ૨ કેસ, ભાટ અને ઝુંડાલના યુવાનો સપડાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુના વધુ ૨ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૨૯ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુનો કહેર વધી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેમાં પણ હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ લઈ રહ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા બન્ને કેસ પુરૂષ દર્દીના છે. આજે નોંધાયેલા બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં સમાવિષ્ટ ઝુંડાલ ગામેથી ૧૬ વર્ષીય યુવકનો તથા ભાટ ગામેથી ૩૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં સેક્ટરોમાં અને સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો ત્રણ વર્ષ બાદ આટલી મોટી સંખ્યામાં નોંધાયા છે.

ઉષ્માભર્યું સ્વાગત - ગુજરાતના બે દિવસના પ્રવાસે શનિવારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા ત્યારે રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ અને રાજયમંત્રી મંડળના જગદીશ પંચાલ તેમજ હર્ષ સંઘવી સાથે અધિકારીઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું...

રજાના દિવસે વીજકાપ થતા શહેરીજનો અકળાયા

સે. ૪માં ચોથા શનિવારે રજાના દિવસે નાગરિકોને જણાવ્યા વગર વીજકાપ કરવામાં આવ્યો : ૧૦૦ જેટલા ઘરોમાં પાવર કટ થયો

ગાંધીનગર, તા. ૨૭

પાટનગરમાં નાગરિકોને વીજકાપના કારણે શનિવારે રજાના દિવસે હેરાનગતિ થઈ હતી. સે. ૪ ખાતે ચોથા શનિવારની જાહેર રજાના દિવસે સરકારી કર્મચારી માટે આરામનો દિવસ હોય છે તેવામાં ટોરેન્ટ પાવરના કર્મચારીઓએ અચાનક બપોરથી મોડી સાંજ સુધી ઉકળાટવાળા વાતાવરણ દરમિયાન ઈલેક્ટ્રિક નેટવર્કની જાળવણી અને સમારકામ માટે અચાનક કામ શરૂ કર્યુ હતુ. જેથી સ્થાનિકોને આગોતરી જાણ કર્યા વિના ૧૦૦ જેટલા ઘરોને પાવર કટનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

આમ તો વીજકાપ કરવાનો હોય તે અગાઉ અવશ્ય શહેરીજનોને જાણ કરવામાં આવતી હોય છે જેથી અગાઉથી જ આવશ્યક જરૂરિયાતો અંગે તેઓ તકેદારી રાખી શકે છે, પરંતુ શનિવારે સે. ૪ માં નાગરિકોને જાણ કર્યા વગર જ વીજકાપ કરવામાં આવતા નાગરિકો ઉકળાટમાં બફાયા હતા. આ ઉપરાંત રજાનો દિવસ હોવાથી આરામ કરવો પણ મુશ્કેલ ભર્યો બન્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ વહેલી સવારના સમયગાળામાં જાળવણી સમારકામનું કામ કરવાનો અભિગમ રાખવો જોઈએ. જેમાં વહેલી તકે સમારકામ થઈ શકે છે.

બપોરના સમયે આ કામગીરી શરૂ થતા આખો દિવસ શહેરીજનો વીજકાપના કારણે હેરાનગતિ અનુભવે છે. ટોરેન્ટ પાવરના કર્મચારીઓએ આવી બેદરકારીભર્યુ વલણ રાખવુ યોગ્ય નથી. નાગરિકોને હંમેશા વીજકાપ અગાઉ જાણકારી મળવી જ જોઈએ. કોઈ ઈમરજન્સીમાં ફસાયેલા લોકો માટે વીજ પુરવઠો આવશ્યક જણાતો હોય પરંતુ તેમની જાણ બહાર અચાનક જ વીજકાપ થતા ગંભીર સમસ્યાઓ ઉભી થઈ શકે છે. તેવી લોકોએ વીજકાપ અંગે ફરિદો કરી હતી અને તંત્રની બેદરકારી છતી કરી હતી.

શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ

CIN: L67120GJ1994PLC115132

રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪-એ, ૬૦૪-બી, ૬૦૫-એ, ૬૦૫-બી, છઠ્ઠી માળ, ટાવર-એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ગિફ્ટ સિટી, બ્લોક-૫૧ ઝોન-૫, રોડ ૫૬, ગિફ્ટ સિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫

ફોન: +૯૧-૭૨૦-૪૯૧૦૦૦૦; વેબસાઇટ: www.shareindia.com ઇમેઇલ: vikas_cs@shareindia.com

સભ્યોને જાહેર નોટીસ

૨૮મી વાર્ષિક સામાન્ય સભા અંગે માહિતી

આથી નોટીસ આપવામાં આવે છે કે શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ (ઇી કંપની) ની **૨૮મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)** કંપની બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલ ૮ એપ્રિલ, ૨૦૨૦ની તારીખના સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, ૫ મે, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને ૫ મે, ૨૦૨૨ ની તારીખના પરિપત્ર નં. ૦૨/૨૦૨૨ (એમસીએ પરિપત્રો) અને સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલા ૧૨ મે, ૨૦૨૦ ની તારીખના પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડી૧/સીઆઇઆર/પી/૨૦૨૦/૭૯ અને ૧૩ મે, ૨૦૨૨ ની તારીખના પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડીર/સીઆઇઆર/પી/૨૦૨૨/૬૨ (સેબી પરિપત્ર) ના અનુપાલનમાં **મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે** (ભારતીય સમય) વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) સવલત દ્વારા કથિત એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબ વ્યવસાયનો વ્યવહાર કરવા માટે યોજાશે.

સદરહું એમસીએ અને સેબી પરિપત્રો મુજબ, નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ સહિતની ૨૮મી એજીએમની નોટીસ જે સભ્યોના ઇમેઇલ આઇડી કંપની/ડીપોઝીટરીઝ પાસે ઉપલબ્ધ છે તેમને ઇલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવી છે. તેથી, સભ્યો જેમણે પોતાના ઇ-મેઇલ એડ્રેસ નોંધાવ્યા નથી તેમને પોતાના સંબંધિત ડિપોઝીટરી સહભાગીઓ મારફતે તે નોંધાવવાની વિનંતી કરવામાં આવે છે.

૨૮મી એજીએમની નોટીસ કંપનીની વેબસાઇટ **www.shareindia.com** અને બીએસઇ લિમિટેડ **(www.bseindia.com)** અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ **(www.nseindia.com)** જેવા સ્ટોક એક્ચેન્જની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૧૪ મે, ૨૦૨૨ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ૩૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે પ્રત્યેક રૂ. ૧૦ ની ફેસ વેલ્યુ પર શેર દીઠ રૂા.૨/- ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી હતી. જો અંતિમ ડિવિડન્ડ આગામી એજીએમમાં સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવે તો તે ઇલેક્ટ્રોનિક માધ્યમથી ડિવિડન્ડ મેળવવા માટે તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરનારા સભ્યોને ઇલેક્ટ્રોનિક રીતે ચૂકવવામાં આવશે. સભ્યો જેમણે પોતાની બેંક ખાતાની વિગતો અપડેટ કરાવી નથી, તેમને ડિવિડન્ડ વોરન્ટ્સ/ડિમાન્ડ ડ્રાફ્ટ્સ તેમના નોંધાયેલા સરનામે મોકલવામાં આવશે. ડિવિડન્ડ મેળવવામાં વિલંબને ટાળવા માટે, સભ્યોને તેમના ડિપોઝીટરી સહભાગીઓ પાસે તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરાવવાની વિનંતી કરવામાં આવે છે.

કંપની તેના સભ્યોને તેમના મત આપવા માટે નેશનલ સિક્યોરીટી ડિપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) દ્વારા એજીએમ પહેલા અને દરમિયાન રીમોટ ઇ-વોટીંગ સવલત આપી રહી છે. ઇ-વોટીંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટીસમાં આપવામાં આવી છે. સભ્યો જેમના ઇ-મેઇલ આઇડી કંપની/ડિપોઝીટરીઝ પાસે નોંધાયેલા નથી તેઓ ડિમેટ ખાતાની વિગતો (સીડીએસએલ-૧૬ આંકડાની લાભાર્થી આઇડી અથવા એનએસડીએલ- ૧૬ આંકડા ડીપીઆઇડી+સીએલઆઇડી), નામ, ક્લાયન્ટ માસ્ટર અથવા કોન્સોલિડેટ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાન કાર્ડની સ્વયં પ્રમાણીત કરેલ નકલ), આધાર (આધાર કાર્ડની સ્વયં પ્રમાણીત કરેલ નકલ) કંપની અથવા આરટીએના અનુક્રમે **vikas_cs@shareindia.com** અથવા **bssdelhi@bigshareonline.com** જેવા ઇ-મેઇલ આઇડી પર મોકલીને ઇ-વોટીંગ માટેના લોગીન ક્રેડેન્શિયલ્સ મેળવી શકે છે. કંપની/આરટીએ એનએસડીએલ સાથે સંકલન કરશે અને ઉપરોક્ત દર્શાવેલા શેરહોલ્ડર્સને લોગીન ક્રેડેન્શિયલ્સ ઉપલબ્ધ કરાવશે.

ઉપરોક્ત માહિતી કંપનીના તમામ સભ્યોને તેમની જાણકારી અને ફાયદા માટે જારી કરવામાં આવી રહી છે.

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી

સહી/-

વિકાસ અગ્રવાલ

કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારી

સ્થળ : નોઈડા

તારીખ : ૨૭.૦૮.૨૦૨૨

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar — experience bathing

DR. FIXIT

Birla White — THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 — ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC